ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

સાપ્તાહિક

# પાટનગર સંદેશ

PATNAGAR SANDESH

WEEKLY

RNI No.:GUJGUJ/2008/25721

*Editor : Anil D. Makwana Mo: 98987 39161 * Office: AT.:Testil Gate, Opp Station Road, At-Dehgam, Dist-Gandhinagar.

*Year:14 *Issue No: 01 *Date: 16:09:2021 *Day: Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 50/-

## પ્રધાનમંત્રી ૧૬ સપ્ટેમ્બરના રોજ કસ્તુરબા ગાંધી માર્ગ અને આફ્રિકા એવન્યુ ખાતે સંરક્ષણ કાર્યાલય સંકુલનું ઉદ્ઘાટન કરશે



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારે ૧૧ કલાકે કસ્તુરબા ગાંધી માર્ગ અને આફ્રિકા એવન્યુ ખાતે સંરક્ષણ કાર્યાલય સંકુલનું ઉદ્‌ઘાટન કરશે. તેઓ આફ્રિકા એવન્યુ ખાતે સંરક્ષણ કાર્યાલય સંકુલની મુલાકાત લેશે અને સેના, નૌકાદળ, વાયુસેના અને નાગરિક અધિકારીઓ સાથે સંવાદ કરશે. આ પછી સભામાં સંબોધન કરશે.

નવા સંરક્ષણ કાર્યાલય સંકુલમાં સંરક્ષણ મંત્રાલય અને સશસ્ત્ર દળોના લગભગ ૭,૦૦૦ અધિકારીઓ સમાવિષ્ટ થશે, જેમાં સેના, નૌકાદ અને વાયુસેનાનો સમાવેશ થાય છે. ભવનો આધુનિક, સુરક્ષિત અને કાર્યાત્મક કાર્યકારી જગ્યાઓ પ્રદાન કરશે. ભવન કામગીરીનું સંચાલન કરવા માટે એક સંકલિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જ્યારે બંને ભવનોની સલામતી અને સર્વેલન્સ માટે અંત સુધી ધ્યાન રાખવામાં આવ્યું છે. નવું સંરક્ષણ કાર્યાલય સંકુલ અત્યાધુનિક અને ઉર્જા કાર્યક્ષમ છે, જેમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થાપન પગલાં લેવામાં આવ્યા છે. આ ભવનોની નિર્ધારિત સુવિધાઓમાંની એક LGSF (લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ) નામની નવી અને ટકાઉ બાંધકામ તકનીકનો ઉપયોગ છે, જે પરંપરાગત RCC બાંધકામના કિસ્સામાં બાંધકામના સમયને ૨૪-૩૦ મહિનાથી ઘટાડી દીધો છે. ભવન સંસાધન કાર્યક્ષમ હરિત તકનીકનો ઉપયોગ કરે છે અને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓને પ્રોત્સાહન આપે છે.

ઉદ્‌ઘાટન સમારોહમાં સંરક્ષણ મંત્રી, આવાસ અને શહેરી બાબતોના મંત્રી, સંરક્ષણ રાજ્યમંત્રી, આવાસ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને સશસ્ત્ર દળોના વડાઓ ઉપસ્થિત રહેશે.

### ૭.૬ લાખ કરતાં વધારે લોકો માટે વધારાની રોજગારીઓનું સર્જન કરવામાં મદદ કરશે

## ભારત પર્યાવરણની દૃષ્ટિએ સ્વચ્છ, ઈલેક્ટ્રિક વાહનો અને હાઈડ્રોજન ઈંધણ સેલ વાહનોના ક્ષેત્રમાં હરણફાળ ભરવા માટે સક્ષમ બનશે

**ઓટોમોટીવ ક્ષેત્ર માટે PLI યોજના તેમજ પહેલાંથી જ શરૂ કરવામાં આવેલી અદ્યતન રાસાયણિક સેલ માટેની PLI (૨.18,100 કરોડ) અને ઈલેક્ટ્રિક વાહનોના વિનિર્માણના ઝડપી અનુકૂલન (FAME) યોજના (રૂ.૧૦,૦૦૦ કરોડ)થી ઈલેક્ટ્રિક વાહનોના વિનિર્માણને વેગ મળશે**

### ભારતમાં વિનિર્માણની ક્ષમતાઓ વધારવા માટે સરકારે ઓટો ઉદ્યોગ અને ડ્રોન ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન (PLI) યોજનાને મંજૂરી આપી

કમલમ દૈનિક,

આત્મનિર્ભર ભારત' દૂરંદેશીની દિશામાં એક ડગલું આગળ વધતા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના

**ડ્રોન માટેની PLI યોજનાથી આવનારા ત્રણ વર્ષમાં રૂ. ૫,૦૦૦ કરતાં વધારે રોકાણ આવશે અને રૂ. ૧,૫૦૦ કરોડ કરતાં વધારે મૂલ્યની ઉત્પાદન વૃદ્ધિ થશે**

નેતૃત્વ હેઠળની સરકારે ઓટોમોટીવ ઉદ્યોગ અને ડ્રોન ઉદ્યોગ માટે રૂપિયા ૨૬,૦૫૮ કરોડની અંદાજપત્રીય ખર્ચની જોગવાઈ સાથે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન (PLI) યોજનાને મંજૂરી આપી દીધી છે. ઓટો ક્ષેત્ર માટેની આ PLIયોજનાથી ઉચ્ચ મૂલ્યના અદ્યતન ઓટોમોટીવ ટેકનોલોજી વાહનો અને ઉત્પાદનોને પ્રોત્સાહન પ્રાપ્ત થશે. ઉચ્ચ ટેકનોલોજી, વધુ કાર્યદક્ષ અને હરીત ઓટોમોટીવ વિનિર્માણ મામલે તે નવા યુગનો ઉદય કરશે. ઓટોમોબાઈલ ઉદ્યોગ અને ડ્રોન ઉદ્યોગ માટે મંજૂર કરવામાં આવેલી PLI યોજના અગાઉ કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૧-૨૨ દરમિયાન એકંદરે રૂ.૧.૯૭લાખકરોડનાઅંદાજપત્રીય ખર્ચ સાથે ૧૩ ક્ષેત્રો માટે જાહેર કરવામાં આવેલી PLI યોજનાના ભાગરૂપે છે. ૧૩ ક્ષેત્રો માટે PLI યોજનાઓની જાહેરાત સાથે, ભારતમાં ઓછામાં ઓછું વધારાનું ઉત્પાદન આગામી ૫ વર્ષમાં અંદાજે રૂ. ૩૭.૫ કરોડનું રહેવાની અપેક્ષા છે અને આવનારા ૫ વર્ષમાં ઓછામાં ઓછી લગભગ ૧ કરોડ વધારાની રોજગારીઓનું સર્જન થવાની અપેક્ષા છે. ઓટો ક્ષેત્ર માટે PLIમાં ભારતમાં અદ્યતન ઓટોમોટીવટેકનોલોજીઉત્પાદનોના વિનિર્માણ માટે ખર્ચ અસામર્થ્યની સ્થિતિમાંથી બહાર આવવાની દૂરંદેશી રાખે છે. પ્રોત્સાહનનું માળખું આ ઉદ્યોગમાં અદ્યતન ઓટોમોટીવટેકનોલોજીઉત્પાદનોની સ્વદેશી વૈશ્વિક પુરવઠા શ્રૃંખલા માટે નવું રોકાણ લાવવા માટે પ્રોત્સાહન પૂરુ પાડશે. એક અંદાજ અનુસાર, આવનારાપાંચવર્ષમાંઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ ઉદ્યોગ માટે મંજૂર કરવામાં આવેલી PLI યોજનાથી નવું રૂપિયા ૪૨,૫૦૦ કરોડ કરતાં વધારે મૂલ્યનું રોકાણ આવશે અને રૂ. ૨.૩ લાખ કરોડ કરતાં વધારે મૂલ્યની ઉત્પાદન વૃદ્ધિ થશે તેમજ ૭.૫ લાખ કરતાં વધારે રોજગારીઓની તકોનું સર્જન થશે. આ ઉપરાંત, આનાથી વૈશ્વિક ઓટોમોટીવ વેપારમાં ભારતની હિસ્સેદારીમાં પણ વધારો થશે. ઓટો ક્ષેત્ર માટેની આ PLI યોજના હાલમાં અસ્તિત્વ ધરાવતી ઓટોમોટીવ કંપનીઓ તેમજ નવા રોકાણકારો કે જેઓ હાલમાં ઓટોમોબાઈલ ક્ષેત્ર અથવા ઓટો કમ્પોનન્ટ્સવિનિર્માણનાવ્યવસાયમાં જોડાયેલા નથી તે બંને માટે ખુલ્લી છે. આ યોજનામાં બે ઘટકોને સમાવી લેવામાં આવ્યા છે. એક, ચેમ્પિયન OEM પ્રોત્સાહન યોજના અને બીજો, કમ્પોનન્ટ ચેમ્પિયન પ્રોત્સાહન યોજના. ચેમ્પિયન OEM પ્રોત્સાહન યોજના 'વેચાણ મૂલ્ય સાથે સંકળાયેલી' યોજના છે જે તમામ સેગમેન્ટ્સમાં બૅટરી ઈલેક્ટ્રિક વાહનો અને હાઈડ્રોજન ઈંધણ સેલ વાહનો માટે લાગુ પડે છે. બીજી તરફ, કમ્પોનન્ટ ચેમ્પિયન પ્રોત્સાહન યોજના 'વેચાણ મૂલ્ય સાથે સંકળાયેલી' યોજના છે જે વાહનોના અદ્યતન ઓટોમોટીવ

**આવનારા પાંચ વર્ષમાં આ ઉદ્યોગને રૂ. ૨૬,૦૫૮ કરોડના પ્રોત્સાહનો આપવામાં આવશે**

ટેકનોલોજી ભાગો, કમ્પલિટલી નોકડ ડાઉન (CKD)/ સેમી નોકડ ડાઉન (SKD) કિટ્સ, ૨-વ્હીલર, ૩-વ્હીલર, મુસાફર વાહનો, કોમર્શિયલ વાહનો અને ટ્રેક્ટરો વગેરેના વ્હીકલ એગ્રીગેટ્સ માટે લાગુ પડે છે. ઓટોમોટીવ ક્ષેત્ર માટે મંજૂર કરવામાં આવેલી આ PLI યોજના સાથે અગાઉ પહેલાંથી જ શરૂ કરવામાં આવેલી

**ઓટો ક્ષેત્ર માટે PLI યોજનાથી આગામી પાંચ વર્ષમાં રૂ. ૪૨,૫૦૦ કરોડ કરતાં વધારે રૂપિયાનું રોકાણ આવશે અને રૂ. ૨.૩ લાખ કરોડ કરતાં વધારે મૂલ્યની ઉત્પાદન વૃદ્ધિ થશે**

અદ્યતન રાસાયણિક સેલ (ACC) માટેની PLI (રૂ.૧૮,૧૦૦ કરોડ) અને ઈલેક્ટ્રિક વાહનોના વિનિર્માણના ઝડપી અનુકૂલન (FAME)યોજના(રૂ.૧૦,૦૦૦ કરોડ)થી ભારતને પરંપરાગત અશ્મિગત ઈંધણ આધારિત ઓટોમોબાઈલ પરિવહન તંત્રમાંથી પર્યાવરણમાટેઅનુકૂળ, દીર્ઘકાલિન, અદ્યતન અને વધુ કાર્યદક્ષ ઈલેક્ટ્રિક વાહન (EV) આધારિત પ્રણાલીની




**PLI ઓટો યોજનાથી ભારતમાં અદ્યતન ઓટોમોટીવ ટેકનોલોજી વૈશ્વિક પુરવઠા શ્રૃંખલાના ઉદયને પ્રોત્સાહન મળશે**

દિશામાં હરણફાળ ભરવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે. ડ્રોન અને ડ્રોન કમ્પોનન્ટ્સ ઉદ્યોગ માટે રજૂ કરવામાં આવેલી PLI યોજના આ ક્રાંતિકારી ટેકનોલોજીના વ્યૂહાત્મક, યુક્તિપૂર્ણઅનેપરિચાલનઉપયોગોને ધ્યાનમાં રાખે છે. ડ્રોન માટે સ્પષ્ટ આવકના લક્ષ્યો અને ઘરેલું મૂલ્યવર્ધન પર ધ્યાન કેન્દ્રિત કરીને શરૂ કરવામાં આવેલી PLI યોજના ક્ષમતા નિર્માણ માટે મહત્વપૂર્ણ છે અને ભારતની વિકાસની વ્યૂહનીતિના મુખ્ય ચાલક તરીકે છે. ડ્રોન અને ડ્રોન કમ્પોનન્ટ્સ ઉદ્યોગ માટે PLI યોજનાથી આવનારાત્રણવર્ષનાસમયગાળામાં વધારાનું રૂપિયા ૫,૦૦૦ કરોડના મૂલ્યનું રોકાણ આવશે, રૂપિયા ૧૫૦૦ કરોડના યોગ્યતા પ્રાપ્ત વેચાણમાં વૃદ્ધિ થશે અને વધારાની અંદાજે ૧૦,૦૦૦ રોજગારીઓનું સર્જન થશે.

## સાયકલ રેલીનુ વડોદરા જિલ્લામાં સ્વાગત...










વડોદરા

આઝાદીના અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે સીમા સુરક્ષા દળ દ્વારા ફીટ ઈન્ડિયા મુવમેન્ટ હેઠળ દાંડીથી રાજઘાટ સુધીની ૧૩૦૮ કિલોમીટરની સાયકલ રેલીનો તા.૧૩ સપ્ટેમ્બરના રોજ દાંડી ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્વચ્છ ગામ, હરિયાળુ ગામની થીમ સાથેની આ રેલીનુ વડોદરા જિલ્લામાં પ્રવેશ થતા સાયકલ સવારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રેલી અહિંથી પંચમહાલ જિલ્લા તરફ રવાના થઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ રેલી ૨જી ઓક્ટબર ગાંધી જયંતિ દિલ્હી ખાતેના રાજઘાટ ખાતે પહોંચશે.

## કોવિડ-૧૯ ની સંભવિત ત્રીજી લહેર સંદર્ભે જિલ્લાઓ કલેક્ટરશ્રી તુષાર સુમેરાએ બોટાદની કોવિડ હોસ્પિનટલોની જાતમુલાકાત લેતા









### કોવિડ-૧૯ ની સંભવિત ત્રીજી લહેર અંગે આરોગ્યઅ તંત્રને સુચનો કર્યા

બોટાદ

કોવિડ-૧૯ ની સંભવિત ત્રીજી લહેર અંતર્ગત બોટાદ શહેરની પરિસ્થિયતિ બાબતે વાકેફ થવા જિલ્લાવ કલેકટરશ્રી તુષાર સુમેરાએ જિલ્લાજની વિવિધ કોવિડ હોસ્પિુટલોની જાત મુલાકાત લીધી હતી. કલેકટરશ્રી તુષાર સુમેરાએ શહેરની બોટાદ સ્થિહત સોનાવાલા હોસ્પિ ટલ તેમજ આરાધના હોસ્પિશટલની જાતમુલાકાત લઈ શહેર તેમજ જિલ્લોમાં કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિયતિ બાબતે આરોગ્યશ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી અવગત બન્યાસ હતાં. કલેકટરશ્રીએ બોટાદ ખાતે આવેલી આ હોસ્પિરટલોની મુલાકાત દરમિયાન કોવિડ-૧૯ ની સંભવિત ત્રીજી લહેર સંદર્ભે ઓક્સિજન, દવા, બેડ, મેડીકલ, પેરા મેડીકલ સ્ટાફ સહિતની માહિતીથી અવગત બન્યાી હતાં. તેમણે આરોગ્યદ તંત્રના અધિકારીઓ- કર્મચારીઓને સંભવિત પરિસ્થિ તિ બાબતે યોગ્યા પગલા લેવા આગોતરૂ આયોજન કરી રાખવા પણ જરૂરી સુચનો કર્યા હતાં. હાલ સમગ્ર દેશમાં કોરોના વિરૂધ્ધલ રસીકરણ મહાઅભિયાન પુરજોશમાં ચાલી રહેલ છે જે અંતર્ગત બોટાદ જિલ્લોમાં પણ આરોગ્યસ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીથી વાકેફ બન્યાગ હતાં. તેમણે જિલ્લીના નાગરિકો કોરોના રસીકરણ મહાઅભિયાનમાં સહભાગી બની સમગ્ર જિલ્લોત કોરોના રસીકરણયુકત બને તે માટે કાર્ય કરવા આરોગ્યક વિભાગના અધિકારીઓને તાકિદ પણ કરી હતી.

## કોરોના રસીકરણ અભિયાનને વેગ આપવા જિલ્લાના ગામોમાં યોજાશે ગ્રામસભા





પાટણ

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા અને રસીકરણ અભિયાનને વેગવંતુ બનાવવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા પાટણ જિલ્લાના ગામોમાં ગ્રામસભાઓ યોજવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ પંચાયત વિસ્તારોમાં મતદાર યાદી મુજબ બાકી રહેલા નાગરિકોને સ્થળ પર જ રસીકરણ કરવામાં આવશે.કોવિડ રસીકરણની કામગીરીને વેગ આપવા તાજેતરમાં જ વહિવટી તંત્ર દ્વારા મેગા વેક્સિનેશન ડ્રાઈવ યોજવામાં આવીહતી. જેને બહોળા પ્રતિસાદના ભાગરૂપે માત્ર ત્રણ જ દિવસમાં જિલ્લાના ૨૦ હજાર કરતાં વધુ નાગરિકોએ રસી લીધી હતી. રસીકરણની આ કામગીરી વધુ સઘન બને તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આરોગ્યવિભાગનાઅધિકારીશ્રીઓ દ્વારા મતદાન મથક દીઠ ગ્રામ પંચાયતના મતદાર યાદીમાં નોંધાયેલા મતદારો પૈકી રસીકરણ બાકી હોય તેવા મતદારોને ગ્રામસભામાં હાજર રાખી સ્થળ પર જ તેમનું રસીકરણ કરવામાં આવશે.જિલ્લાના ગામોમાં યોજાનાર ગ્રામસભામાં જિલ્લા કે તાલુકાકક્ષાનાઅધિકારીશ્રીઉપસ્થિત રહીરસીથીવંચિતરહેલા નાગરિકોને

**મારૂંગામ કોરોનામુકત ગામ અભિયાન અંતર્ગત ગ્રામસભા યોજી રસીકરણથી વંચિત તમામ નાગરિકોને સ્થળ પર જઅપાશે રસી**

રસીકરણમાટેપ્રોત્સાહિતકરીગામના તમામ નાગરિકોના રસીકરણની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરાવશે. આ માટે ગ્રામ્યકક્ષાએ આયોજન મુજબગ્રામસભાનાસ્થળઅનેસમયની આગોતરા જાણ કરી રસીકરણ બાકી હોય તેવા નાગરિકોને ઉપસ્થિત રાખવામાં આવશે.

## જિલ્લા વિકાસ અધિકારીશ્રી રમેશ મેરજાના પ્રોત્સાહનથી અનાવાડા ગામે ૧૨૩ લોકોએ કરાવ્યું રસીકરણ



પાટણ

પાટણ જિલ્લામાં રસીકરણ ઝુંબેશ ચાલી રહી છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર પણ સક્રિય રીતે કામગીરી કરી નાગરિકો રસી લે તે માટે પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી રમેશ મેરજા પણ સતત જુદા જુદા ગામોની મુલાકાત લઈ બાકી લોકોને રસીકરણ માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. પાટણ તાલુકાના અનાવાડા ખાતે મુલાકાત લઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગ્રામજનોને કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા કોરોના પ્રતિરોધક રસી મુકાવવા પ્રોત્સાહન આપ્યું હતું.જેના પરિણામે અનાવાડા ગામના ૧૨૩ ગ્રામજનોએ રસીકરણ કરાવ્યું હતું. સાથે જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આરોગ્ય વિભાગની ટીમને પણ રસીકરણની કામગીરી માટે બિરદાવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ તબક્કે સરપંચશ્રી, તલાટીશ્રી અને આરોગ્યની ટીમને સારી કામગીરી માટે અભિનંદન આપી અનાવાડા ગામમાં રસીકરણની ૧૦૦ ટકા કામગીરી થાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ખાસ અનુરોધ કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળને આપત્તિ જોખમ ઘટાડવા અને સંચાલનના ક્ષેત્રમાં સહકાર પર ભારતની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ) અને ઈટાલીના ડીપાર્ટમેન્ટ ઓફ સિવિલ પ્રોટેક્શન ઓફ ધી પ્રેસિડેન્સી ઓફ ધી કાઉન્સિલ ઓફ મીનીસ્ટર્સ વચ્ચેના સમજૂતી કરાર (એમઓયુ) અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટના ક્ષેત્રમાં સહકાર અંગેના સમજૂતી કરાર પર કે જે ભારતની એનડીએમએ અને ઈટાલીના ડીપાર્ટમેન્ટ ઓફ સિવિલ પ્રોટેક્શન ઓફ ધી પ્રેસિડેન્સી ઓફ ધી કાઉન્સિલ ઓફ મીનીસ્ટર્સ વચ્ચે હસ્તાક્ષર થયા હતા.આ સમજૂતી કરાર એક એવી વ્યવસ્થા લાવવા માંગે છે, જેના દ્વારા ભારત અને ઈટાલી બંને એકબીજાના આપત્તિ વ્યવસ્થાપન મિકેનિઝમ્સથી ફાયદો ઉઠાવશે અને તે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં સજ્જતા, પ્રતિભાવ અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોને મજબૂત બનાવવામાં મદદ કરશે.ભારતની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ) અને ઈટાલીના ડીપાર્ટમેન્ટ ઓફ સિવિલ પ્રોટેક્શન ઓફ ધી પ્રેસિડેન્સી ઓફ ધી કાઉન્સિલ ઓફ મીનીસ્ટર્સ વચ્ચે આપત્તિ જોખમ ઘટાડવા અને સંચાલનના ક્ષેત્રમાં સહયોગ અંગેના સમજૂતી કરાર પર જૂન, ૨૦૨૧માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં ભારે વરસાદ અન્વયે ઈન્ડીયન નેવીના પોરબંદર ટીમની કવીક રીસ્પોન્સ અને સરાહનીય કામગીરી

### લોધીકા તાલુકાના છાપરા ગામે નદીના વહેણમાં તણાયેલી કાર અને તેમાં પ્રવાસ કરતા વ્યકિતઓનેશોધવાની કપરી કામગીરીને બીરદાવતા કલેકટરશ્રી અરુણ મહેશ બાબુ



રાજકોટ

તા. ૧૩મી ના રોજ ભારે વરસાદને કારણે રાજકોટ જિલ્લામાં નદીઓ માં આવેલા ધોડાપુરમાં ફસાયેલા લોકોને બચાવ માટે જીલ્લા વહિવટીતંત્ર દ્વારા તવરીત કામગીરી કરાઈ હતી. લોધીકા તાલુકાના છાપરા ગામે નદીના વહેણમાં તણાયેલી કાર અને તેમાં પ્રવાસ કરતા વ્યક્તિઓની ભાળ મેળવવામાં ત્વરીત રીસપોન્સ સાથે સતત કાર્યરત રહેલ પોરબંદર નેવીના કલીયરન્સ અને ડાઈવીંગ ટીમની કામગીરીને કલેકટરશ્રી અરુણ મહેશ બાબુએ બિરદાવી હતી. બનાવની વિગતો મુજબ તા. ૧૩મી એ ભારે વરસાદને પગલે રાજકોટ જિલ્લાના વિવિધ નદીઓમાં ધોડપુર સમા પાણી વહેતા હતા. રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના છાપરાગામ પાસેથી પસાર થતી રાજકોટના ઉદ્યોગપતિ અને પેલીકન કંપનીના માલીક એવા કિશનભાઈ શાહ, ડ્રાઈવર તથા અન્ય વ્યકતિ નદીના વહેતા પાણીમાં કાર સાથે તણાયાની માહિતી મળતા કલેકટરશ્રી અરુણ મહેશ બાબુએ ત્વરીત એકશન લઈને ઈન્ડીયન નેવીના ગુજરાત એરીયાના ફલેગ ઓફીસર રીઅર એડમીરલ પુરૂવિર દાસને મદદ માટે ટીમની માંગ કરી હતી. બનાવને ધ્યાને લઈને તુરત જ પોરબંદર નેવીની ચીફ ડાઈવીંગ સાથેની કલીયરન્સ અને ડાઈવીંગ ટીમ રાજકોટ ખાતે રવાના કરી હતી. ૧૯ સભ્યો સાથેની આ ટીમ રાત્રે ૧૨ વાગ્યે રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા. તા. ૧૪મી એ સવારે ૬-૦૦ કલાકે આ ટીમે ઘટના સ્થળે પહોંચી પ્રાંત અધિકારીશ્રી વિરેન્દ્રભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ તુરત તેમના સાધનો સાથે તણાયેલી કાર અને વ્યક્તિઓની ભાળ માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યુંહતું. રોપ (દોરડા) સાથે ખાસ પ્રકારના હુક ગોઠવી આધુનીક ટેકનીક દ્વારા પ્રથમ કાર અને ત્યારબાદ કિશનભાઈ શાહનો મૃતદેહ બહાર કાઢયો હતો. તણાયેલી કાર અને વ્યકતિની ભાળ મેળવવાની કામગીરમાં ત્વરીત રીસ્પોન્સ માટે પોરબંદર નેવીના કલીયરન્સ અને ડાઈવીંગ ટીમની કામગીરીને કલેકટરશ્રી અરુણ મહેશ બાબુએ બિરદાવી હતી.







# મોડાસા ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજ ખાતે કાયદાકીય જાગૃતિ તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓનું માર્ગદર્શન સેમિનાર યોજાયો



મોડાસા

મહિલા અને બાળ અધિકારી કચેરી અરવલ્લી દ્વારા અરવલ્લી મોડાસા ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજ ખાતે ''કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩'' અંતર્ગત કાયદાકીય જાગૃતિ તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓનો માર્ગદર્શન સેમિનાર યોજાયો. જે અંતર્ગત સેમિનારમાં લીગલ કમ પ્રોબેશન અધિકારી દ્વારા ''કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩'' હેઠળ કાયદાની માહિતી આપી નર્સિંગ વિદ્યાર્થીનીઓને આ કાયદાથી માહિતગાર કરી હતી. તેમણે વધુમાં મહિલાઓને મળેલા અધિકારોની વિગતવાર સમજણ આપી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ અધિકારી કચેરી વિભાગના અધિકારીશ્રીએ સરકારશ્રીના તમામ વિભાગોની મહિલાલક્ષી યોજનાઓની વિસ્તૃત સમજણ આપી તેમજ ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન એપ્લીકેશનની માહિતી આપી હતી. આ સેમિનારમાં ભાગ્યલક્ષ્મીને મેનેજર ટ્રસ્ટી શ્રી ડૉ.દીપ પટેલ, આચાર્યશ્રી રોબીન થોમસ, લીગલ કમ પ્રોબેશન અધિકારીશ્રી, જીલ્લા મહિલા બાળ અધિકારીશ્રી દિપેન પંડ્યા, દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીમતી મેઘાબેન, મહિલા અને બાળ અધિકારી કચેરીના ફીલ્ડ ઓફિસર, મહિલા શક્તિ કેન્દ્રના કો-ઓર્ડીનેટર, PBSC સેન્ટરના કાઉન્સેલર પ્રેમીલાબેન, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન કાઉન્સેલર, ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજના અધિકારીશ્રીઓ, તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

# નવસારી ખાતે જિલ્લા તકેદારી અને મોનીટરીગ સમિતિની બેઠક યોજાઈ



નવસારી

આજરોજ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવે અનુસચિત જાતિ/ અનુસુચિત જનજાતિ પર અત્યાચારની ઘટના ન બને તે માટે સમિતિના સભ્યશ્રીઓને પ્રો એકટીવ કામગીરી કરવા જણાવ્યું હતું. અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ હેઠળ કાર્યવાહી તાત્કાલીક કરવા તાકીદ કરી હતી. આ બેઠકમાં ગત બેઠકની કાર્યવાહીને બહાલી, ત્રિમાસિક ગાળામાં થયેલ બનાવોની સમીક્ષા, નામદાર કોર્ટમાં પડતર કેસોની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અર્પિત સાગર, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.રાણા તેમજ સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર-સોમનાથ જિલ્લામાં ૯ લાખ લોકોને કોરોનાથી રક્ષિત કરાયા



સોમનાથ

કોરોના મહામારી સામે વેકસીન અમોધ શસ્ત્ર સાબિત થયેલ છે. ગીર-સોમનાથ આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના ૬ તાલુકામાં પ્રથમ ડોઝ ૭૦૧૪૭૨ લોકોને અને બીજો ડોઝ ૧૯૮૬૦૯ લોકોને વેકસીનથી રક્ષિત કરાયા છે. ગીરગઢડા તાલુકામાં ૭૮૧૩૯ પ્રથમ ડોઝ અને ૧૭૮૧૬ ને બીજો ડોઝ, કોડીનાર તાલુકામાં ૧૩૪૮૪૦ પ્રથમ ડોઝ અને ૪૦૨૦૪ ને બીજો ડોઝ, સુત્રાપાડા તાલુકામાં ૮૭૪૮૭ પ્રથમ ડોઝ અને ૨૫૩૬૩ ને બીજો ડોઝ, તાલાળા તાલુકામાં ૮૨૦૨૧ પ્રથમ ડોઝ અને ૨૩૯૭૪ ને બીજો ડોઝ, ઉના તાલુકામાં ૧૫૧૪૫૨ પ્રથમ ડોઝ અને ૩૧૭૦૦ બીજો ડોઝ, વેરાવળ તાલુકામાં ૧૬૭૫૩૩ ને પ્રથમ ડોઝ અને ૫૯૫૫૨ બીજો ડોઝ આપવામાં આવેલ છે. જિલ્લામાં ૯,૦૦,૦૮૧ લોકોનું વેકસીનેશન કરી કોરોનાથી રક્ષિત કરાયા છે. તેમ જિલ્લા આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

# મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદહસ્તે ઈચ્છાપોર સીટી સિવિક સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ















સુરત મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ૨ નગરપાલિકા અને ૨૭ ગ્રામપંચાયતનો સમાવેશ કરવામાં આવેલ છે. તે પૈકી વેસ્ટ(રાંદેર) ઝોનમાં ભાટપોર ગ્રામ પંચાયત,ભાઠા ગ્રામ પંચાયત, ઈચ્છાપોર ગ્રામ પંચાયત,ભેંસાણ ગ્રુપ ગ્રામ પંચાયત(ભેંસાણ,ઓખા,વણકલા,વિહેલ,ચીચી), મલગામા (અસારમા)ગ્રામ પંચાયત મળી કુલ—૫ ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવેલ છે. રાંદેર ઝોનમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઈચ્છાપોરમાં નજીકના વિસ્તારમાં ઈચ્છાપોર ગ્રામ પંચાયત ભવનમાં સરળતાથી સુરત મહાનગરપાલિકાની સેવાઓનો લાભ મળી રહે તે માટે આજરોજ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદ્હસ્તે ઈચ્છાપોર સીટી સિવિક સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપુત, માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલ,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,માન. મ્યુ. સદસ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

# વિદ્યાધામ વિદ્યાલય ખાતે હિન્દી દિવસની ઉજવણી કરાઇ







નવસારી

નવસારી શહેરના વિદ્યાધામ વિદ્યાલય, ઘેલખડી ખાતે હિંદી દિવસની ઉત્સાહપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. હિંદી દિવસની ઉજવણી ઉદ્યોગપતિ સમાજસેવી શ્રી પરેશભાઇ રાઠોડની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. હિંદી દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓને વક્તાઓએ સ્વાતંત્ર સંગ્રામમાં રાષ્ટ્રભાષા એ લોકોની સ્વતંત્રતા માટે કેવી રીતે પ્રેરિત કર્યા તે અંગે સારી રીતે જાણકારી આપી, આપણી આ પેઢીને આઝાદીનું મૂલ્ય સમજાવ્યું હતું. હિન્દી ભાષાના શિક્ષક શ્રી બી.એન.બિશ્વાલ (રિલાયન્સ ફાઉન્ડેશન), શ્રી વિભુતિ નારાયણસિંહ તથા શ્રીમતિ સુષ્માસિંહે હિન્દી સાહિત્ય અને તેની વિશેષતાઓ અંગે જણાવી વિદ્યાર્થીઓને હિંદી ભાષા અપનાવવા, જીવનમાં ઉતારવા તેમજ હિંદી બોલચાલની ભાષા તરીકે સહજ સ્વીકારવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમ અંતે મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.તેમજ હિંદી ભાષાના પ્રચાર પ્રસાર હેતુ શ્રી બી.એન.બિશ્વાલ, શ્રી વિભુતિ નારાયણસિંહ તથા શ્રીમતિ સુષ્માસિંહને પ્રશસ્તિ પત્ર તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. તથા સુંદરકાંડની સુંદરતા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત શ્રી પ્રદિપ પાંડેએ કર્યુ હતું તેમજ કાર્યક્રમનું સંચાલન શ્રી અનિલભાઇ ધનગરે કર્યુ હતુ.આ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના ક્ષેત્રિય પ્રબંધક શ્રી મનોજ ગુપ્તા, પ્રિજમ મિલના ચેરમેનશ્રી પ્રેમ પ્રકાશ ત્યાગી, અગ્રણી શ્રી બિમલેશ શર્મા તેમજ નગરશ્રેષ્ઠીઓ તેમજ અગ્રણીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# માંડવી શ્રી વિશ્વકર્મા લુહાર યુવક મંડળ ધ્વારા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજાયો

માંડવી શ્રી વિશ્વકર્મા લુહાર યુવક મંડળ ધ્વારા ૧૭ મો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો . જેમાં યુવકમંડળના અધ્યક્ષ સ્થાને શ્રી શરદ મારુ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિધ્યાર્થીઓ ધ્વારા રંગારંગ કાર્યક્રમ,ડાન્સ,તલવારબાજી ,સંગીત તથા હાઉઝી નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં શ્રી દુલભજીભાઈ મક્વાણાનો બાટિક સાડીમાં રામાયણ ચિત્રણ પ્રસંગે યુવક મંડળ ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે શ્રી જ્ઞાતી પ્રમુખ હિરાલાલ ભાઈ ,ડી.કે.પંચાલે આશીર્વચન આપ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં યુવક મંડળના શ્રી અજય આસોડિયા,હિતેશ મકવાણા , પ્રણવ પંચાલ, દીપ આસોડિયા, અંકિત ઉમરાણિયા, ભાવેશ ઉમરાણિયા, સુમિત ઉમરાણીયા,નિર્મલ આસોડિયા,મંથન આસોડિયા,હેત પંચાલ,પિયુષ પંચાલ ,અને સાહિલ ઉમરાણીયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિવંગતોના માનમાં મૌન પાડવામાં આવ્યું હતું.

# ડાંગમા વરસાદ ધીમો પડયો : છેલ્લા ચોવીસ કલાક દરમિયાન નોંધાયો નહિવત વરસાદ

## ગઈ કાલે ડુબાણમા ગયેલા ૧૯ પૈકી ૧૪ માર્ગો ઉપરથી પાણી ઓસર્યા



આહવા

વનાચ્છાદિત ડાંગ જિલ્લામા છેલ્લા ચોવીસ કલાક દરમિયાન વરસાદનુ જોર ધીમુ પડતા અહીં નહિવત વરસાદ નોંધાવા પામ્યો છે. જિલ્લા ફલડ કન્ટ્રોલ કક્ષ તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર આજે સવારે ૦૭ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન ડાંગ જિલ્લાના આહવા તાલુકામા માત્ર ૬ મી.મી. (કુલ ૧૪૯૪ મી.મી.), વઘઇ તાલુકામા ૭ (કુલ ૧૫૬૯ મી.મી.), સુબિર તાલુકામા ૩ (કુલ ૮૯૨ મી.મી.), અને ગિરિમથક સાપુતારા તથા તેના આસપાસના વિસ્તારોમા પણ ૩ મી.મી. (કુલ ૧૭૨૨ મી.મી.) વરસાદ નોંધાયો છે. ડાંગ જિલ્લામા વરસાદનુ જોર હળવુ થતા ગઈ કાલે ડુબાણમા ગયેલા કુલ ૧૯ પૈકી આજે સવારે ૮ વાગ્યાની સ્થિતિએ ૧૪ માર્ગો ઉપરથી વરસાદી પાણી ઓસરતા આ માર્ગો ફરી આવાગમન માટે ચાલુ થવા પામ્યા છે. હાલની સ્થિતિએ ડાંગ જિલ્લાના જે પાંચ માર્ગો યાતાયાત માટે બંધ છે, તેમા વઘઇ તાલુકાના (૧) સુપદહાડ-સૂર્યાબરડા રોડ, (૨) નાનાપાડા-કુમારબંધ રોડ, અને માછળી-ચીખલા-દિવડ્યાવન રોડ, તથા આહવા તાલુકાના (૧) બોરખલ-ગાયખસ-ચવડવેલ રોડ,

### જિલ્લા વહીવટી તંત્રે હાથ ધરી રાઉન્ડ ધ ક્લોક કામગીરી

(૨) સતી-વાંગણ-કુત્તરનાચ્યા રોડનો સમાવેશ થાય છે. તેમ, જિલ્લા પંચાયતના માર્ગ અને વિભાગ દ્વારા જણાવાયુ છે. વઘઈ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તરફથી મળેલા હવામાન બુલેટિન અનુસાર આગામી તા.૧૯મી સપ્ટેમ્બર સુધી જિલ્લામા સરેરાશ ૩ થી ૪ મી.મી. વરસાદની આગાહી કરવામા આવી છે. આ સાથે જિલ્લામા આગામી પાંચ દિવસો દરમિયાન ૧૨ થી ૨૩ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ દક્ષિણ-પશ્ચિમી પવન રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ડાંગ જિલ્લામા પાછલા દિવસો દરમિયાન નોંધાયેલા શ્રીકાર વરસાદ બાદ નાળા, પુલો, માર્ગો, ખેતી અને પશુપાલન, વીજ, સહિત વન વિભાગને થયેલા નુકશાનીના સર્વે સહિત, જિલ્લાના જનજીવનને ફરી ધબકતુ કરવા માટે જિલ્લા વહીવટી તંત્રે રાઉન્ડ ધ ક્લોક કામગીરી હાથ ધરી છે.

# ICG એ ખરાબ હવામાનમાં દીવના દરિયા કિનારે સાત માછીમારોને બચાવ્યા



- ICG એ બચાવ કામગીરી હાથ ધરવા માટે સ્વદેશી ALH Mk-III તૈનાત કર્યું
- મશીનરીની નિષ્ફળતાને કારણે, મુશ્કેલીમાં મુકાયેલી હોડીની શકિત ખોવાઈ ગઈ, વણક બારાથી ખરબચડા સમુદ્રમાં ઉતરી
- ICG એ રાહત અને બચાવ કામગીરી વધારવા માટે જામનગરમાં કર્મચારીઓ અને સાધનો પણ તૈનાત કર્યા છે

ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) એ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ની રાત્રે દીવના વણક બારાથી ડૂબવા જઈ રહેલી ગ્રાઉન્ડ્ બોટમાંથી સાત માછીમારોને બચાવ્યા હતા. દીવ વહીવટીતંત્ર તરફથી સંકટપૂર્ણ કોલ મળતાં, ICG એ તરત જ પ્રતિક્રિયા આપી અને પોરબંદરથી સ્વદેશી અદ્યતન લાઈટ હેલિકોપ્ટર (ALH) Mk-III ને તૈનાત કર્યું જેથી દીવ ખાતે અંધારા અને ખરાબ હવામાન સ્થિતિમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવે જે ગુજરાતના પોરબંદરથી ૧૭૫ કિલોમીટર દૂર છે. જોરદાર પવન અને વરસાદથી બચીને, ICG હેલિકોપ્ટર ઝડપથી આ વિસ્તારમાં પહોંચ્યું. સ્થળે ખરબચડા દરિયા સાથે જોડાયેલા અંધારા કલાકોએ મુશ્કેલીમાં વધારો કર્યો હતો, જો કે, હેલિકોપ્ટર દ્વારા તમામ સાત ક્રૂને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા અને બે રનમાં સલામત જમીન પર લાવવામાં આવ્યા હતા. મશીનરી નિષ્ફળતાને કારણે હોડીએ તેની શક્તિ ગુમાવી હતી અને વણક બારાથી ખરબચડા સમુદ્રમાં ડૂબી ગઈ હતી, જેના કારણે કટોકટી સર્જાઈ હતી. બચાવાયેલા તમામ ક્રૂને સ્થાનિક વહીવટીતંત્રને સોંપવામાં આવ્યા હતા અને સલામત અને સ્વસ્થ હોવાની જાણ કરવામાં આવી હતી. સમાંતર, ૩૦૦ કિલોમીટર દૂર, ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ કમિશનર જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશને ભારે વરસાદની આગાહી અને પૂર જેવી અપેક્ષિત પરિસ્થિતિને કારણે જામનગર શહેરમાં બચાવ, રાહત અને પુનર્વસન કાર્યમાં મદદ માટે માનવશક્તિ સાથે બચાવ બોટ માટે ICG ને વિનંતી કરી હતી. ICG એ રાહત અને બચાવ કામગીરી વધારવા માટે વાડીનારથી જામનગર સુધીની તબીબી ટીમ સહિત ૩૫ કર્મચારીઓનો સમાવેશ કરીને ૬ જેમિની ઈન્ફ્લેટેબલ બોટ અને ડિઝાસ્ટર રિલીફ ટીમ (DRT) રવાના કરી. ICG DRT ને સ્થાનિક વહીવટ દ્વારા અંદાજિત જરૂરિયાતો અનુસાર જરૂરી સહાય માટે તૈનાત કરવામાં આવી રહી છે.

# અબડાસા તાલુકા ભારતીય જનતા પાર્ટી ની મિટીંગ રાખવા મા આવી હતી





અબડાસા તાલુકા મુખ્ય મથક નલીયા ખાતે ભારતીય જનતા પાર્ટી ની મિટીંગ નુ આયોજન કરવામાં આવ્યું હતું કચ્છ જીલ્લાના મંત્રી અબડાસા પ્રભારી પ્રફુલસિંહ જાડેજા ના પ્રમુખ સ્થાન યોજાઈ હતી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ નુ જન્મ દિવસ નિમિત્તે કાર્યક્રમ રાખવામાં આવશે વૃક્ષ રોપણ કાર્યક્રમ કીટ વિતરણ કાર્યક્રમ અનેક કાર્યક્રમ યોજાવામા આવશે અબડાસા તાલુકા ભાજપ પ્રમુખ મહેશભાઈ ભાનુશાલી મહામંત્રી જયદીપસિહ જાડેજા જીલ્લા યુવા ભાજપ ના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા હિતેશભાઈ પટેલ અબડાસા તાલુકા ઉપ પ્રમુખ વિકમસિહ ભાટી મંત્રી કિશોરભાઈ આમર અબડાસા તાલુકા ભાજપ લઘુમતી મોરચો ના પ્રમુખ શ્રી સૈયદ કાદરશાહ બાવા સાહેબ અબડાસા તાલુકા ભાજપ બંક્ષીપચ મોરચો ના પ્રમુખ હાજી રજાકભાઈ હિગોરા અબડાસા તાલુકા પંચાયત ના પૂવ પ્રમુખ મુરજી ભાઈ ગઢવી અબડાસા તાલુકા પંચાયત ના વિપક્ષ નેતા મહાવીર સિંહ જાડેજા અબડાસા તાલુકા ભાજપ કિસાન મોરચા ના પ્રમુખ રમેશભાઈ પટેલ અબડાસા યુવા ભાજપ ના પ્રમુખ જટુભા સોઢા મોથાળા જીલ્લા પંચાત ના સભ્ય પરષોતમભાઈ ગોરડીયા અનુભા જાડેજા અકરી હાજી હારૂન હાલેપોત્રા નરપતસિંહ સોઢા કાનજીભાઈ મહેશ્વરી ગુલાબભાઈ અનવરભાઈ કેર હાજી જુનુશ કુંભાર કાન્તીભાઈ ગોસ્વામી મહેન્દ્ર સિંહ જાડેજા ભારતીય જનતા પાર્ટી ના આગેવાનો અને કાર્યકતા હાજર રહ્યા હતા





# માંડવી માં જાયન્ટ્સ સાહેલી ગ્રુપ માંડવી દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવ ઉજવાયો

કચ્છ અને દુનિયાભરમાં ગણપતિ મહોત્સવ હર્ષોલ્લાસ ઉજવાઈ રહ્યો છે ત્યારે માંડવી ની સંસ્થા દ્વારા અનોખી રીતે ગણપતિ મહોત્સવ ઉજવાયો હતો જેના આયોજક અને જાયન્ટ સાહેલી ના પ્રમુખ ડોક્ટર પારૂલબેન ગોગરી અને તેમની ટીમ દ્વારા ઉજવાતા ઈકો ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવને શહેરીજનોએ બિરદાવ્યું હતું તેમના આ આયોજનને સૌએ ખરેખર આ ધાર્મિક કાર્ય સૌ માટે પ્રેરણારૂપ બનશે એવી ભાવના શહેરીજનોએ વ્યક્ત કરી હતી , જાયન્ટ સાહેલી ગૃપ-માંડવી દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશ જી નું પર્યાવરણ બચાવવા ના હેતુથી દરિયાના પાણીમાં વિસર્જન કરવા ના બદલે શિતલા મંદિરમાં આવેલ બગીચામાં પાણી ભરેલા ટબ ની અંદર વિસર્જન કરી , એ પાણી બગીચાના ઝાડ ને આપી દરિયા નું પ્રદુષણ અટકાવવા માટે અને વૃક્ષારોપણ ને વધારવા માટે એક ખૂબ જ અનેરો સંદેશ સમાજ ને આપ્યો છે , આ કાર્યક્રમ માં પ્રમુખ ડોક્ટર પારૂલબેન ગોગરી, પૂર્વ પ્રમુખ હર્ષિકાબેન ગોર, મંત્રી હર્ષાબેન ખત્રી, ખજાનચી સ્મિતાબેન જોષી, ડોલર બા ભાટી, ચક્ષિતાબેન કષ્ટા, ડોક્ટર ઉષાબેન ગોગરી,જયશ્રીબેન ગિરનારી સહિત ડેનિસ ગોગરી, ગાર્ગી ગોગરી, એન્જલ અને પરિક્ષિત ભાટી એ હાજરી આપી હતી. પર્યાવરણ બચાવવા માટે ના આ પ્રયાસ માટે યુનિટ ડાયરેક્ટર શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને પર્યાવરણ ઓફિસર શ્રી ઈશ્વરભાઈ ગણાત્રા એ સાહેલી ગૃપ ને શુભેચ્છાઓ પાઠવી હતી

# SHG ઉદ્યોગસાહસિકોને ઉદ્યોગસાહસિકતા અંગે પ્રારંભિક તાલીમ આપવામાં આવી

## આઝાદી કા અમૃત મહોત્સવ' ના ભાગરૂપે એક સપ્તાહમાં 2614 SHG ઉદ્યોગસાહસિકોને ૮.૬૦ કરોડ રૂપિયાની કોમ્યુનિટી એન્ટરપ્રાઈજ ફંડ(CEF) લોન આપવામાં આવી









આઝાદી કા અમૃત મહોત્સવ ના ભાગ રૂપે, ગ્રામીણ વિકાસ મંત્રાલયે એક સપ્તાહમાં 2614 SHG ઉદ્યોગસાહસિકોને રૂ. ૮.૬૦ કરોડની કોમ્યુનિટી એન્ટરપ્રાઈઝ ફંડ (CEF) લોન આપી. સ્ટાર્ટ અપ વિલેજ એન્ટરપ્રિન્યોરશિપ પ્રોગ્રામ હેઠળ ૧૯ રાજ્યોમાં તેમના ગામોમાં તેમના માઈક્રો-એન્ટરપ્રાઈઝ શરૂ કરવા માટે લોન આપવામાં આવી હતી. અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન ૬થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ના સપ્તાહમાં સ્ટાર્ટ-અપ વિલેજ એન્ટરપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (SVEP) અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો SVEP યોજના વિશે જાગૃતિ લાવવા અને ગ્રામીણ વિસ્તારોમાં માઈક્રો-બિઝનેસ શરૂ કરવા માંગતા SHG સભ્યોને કેવી રીતે ટેકો આપે છે તેના પર કેન્દ્રિત છે. આ કાર્યક્રમોમાં જનપ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ અને સમુદાય આધારિત સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ કોમ્યુનિટી એન્ટરપ્રાઈઝ ફંડ (CEF) લોન પ્રદાન કરતા પહેલા, SHG ઉદ્યોગસાહસિકોને ઉદ્યોગસાહસિકતા અંગે પ્રારંભિક તાલીમ આપવામાં આવી હતી અને તેમના સૂચિત વ્યવસાયની વિગતવાર વ્યવસાય યોજના તૈયાર કરવામાં આવી હતી. આ પહેલમાં ભાગ લેનાર રાજ્યો છે - આંધ્ર પ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કેરળ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ. આ કાર્યક્રમો દરમિયાન, SHG ઉદ્યોગસાહસિકોએ તેમના અનુભવો અને તેમના ગામોમાં તેમના પોતાના સાહસો શરૂ કરવા, ઉદ્યોગસાહસિક બનવાની યાત્રા અને સ્ટાર્ટ-અપ વિલેજ એન્ટરપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (SVEP) હેઠળ મળેલા વિવિધ સમર્થનો શેર કર્યા. તેઓએ વેપાર કરવા અને તેને સફળ બનાવવા અને મજબૂત બજાર જોડાણ બનાવવાનાં પગલાં સમજવા માટે નિયમિત હેન્ડહોલ્ડિંગની મજબૂતાઈ પર પણ ભાર મૂક્યો. સ્ટાર્ટ-અપ વિલેજ એન્ટરપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (SVEP) ગ્રામીણ વિસ્તારોમાં સાહસોને પ્રોત્સાહન આપવા માટે NRLM હેઠળ એક પેટા યોજના છે. SVEP નો ઉદ્દેશ બ્લોકમાં એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ માટે ઈકો-સિસ્ટમ સેટ કરવાનો છે. આમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન-એન્ટરપ્રાઈઝ પ્રમોશન (CRP-EP) નો કેડર છે જે ઉદ્યોગસાહસિકોને બિઝનેસ સપોર્ટ સર્વિસ પૂરી પાડશે. આ યોજનામાં બિઝનેસ આઈડિયાની ઓળખ, બિઝનેસ પ્લાનની તૈયારી, લોન અને અન્ય સપોર્ટ જેવા કે માર્કેટિંગ, એકાઉન્ટ્સ જાળવવા અને બિઝનેસ નિર્ણયો લેવાનો સમાવેશ થાય છે. વધુમાં, ઈકો-સિસ્ટમમાં ઉદ્યોગસાહસિકોની તાલીમ અને ક્ષમતા નિર્માણ, ઉદ્યોગો શરૂ કરવા માટે બીજ મૂડી, ઉત્પાદનો અને સેવાઓ માટે માર્કેટિંગ સપોર્ટ વગેરેનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, બ્લોક રિસોર્સ સેન્ટર (BRC), એન્ટરપ્રાઈઝ પ્રમોશન માટે સિંગલ પોઈન્ટ સોલ્યુશન પણ ઈકો-સિસ્ટમના ભાગ રૂપે વિકસાવવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશના ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી રાજેન્દ્ર પ્રતાપ સિંહે ઉત્તર પ્રદેશના વારાણસીના સેવાપુરી બ્લોકમાં SVEP BRC ઓફિસનું ઉદ્ઘાટન કર્યું. ઉત્તર પ્રદેશ સરકારના ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાજેન્દ્ર પ્રતાપ સિંહે સેવાપુરી બ્લોક, વારાણસી, ઉત્તર પ્રદેશમાં એન્ટરપ્રાઈઝને સીઈએફ લોન ચેક આપ્યો. રાજસ્થાનના બારન જિલ્લાના અંત બ્લોકમાં સાહસોને CEF લોન ચેક મળ્યો. કોલાસિબ SVEP બ્લોક, મિઝોરમમાં એન્ટરપ્રાઈઝને CEF લોન ચેક મળ્યો.

શ્રી અમિત શાહે વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ દરમ્યાન રાષ્ટ્રભાષા હિંદીમાં ઉત્કૃષ્ટકાર્ય કરનાર મંત્રાલયો, વિભાગો અને સંસ્થાનો ઈત્યાદિની રાજભાષા ગૌરવ પુરસ્કાર એનાયત કર્યા

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત હિંદી દિવસ ૨૦૨૧ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સામેલ થયા

**આત્મનિર્ભર શબ્દ માત્ર ઉત્પાદન, વાણિજ્ય સંસ્થાઓ માટે જ નથી પણ આત્મનિર્ભર શબ્દ ભાષાઓ વિશે પણ હોય છે અને ત્યારે જ આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થશે**

**મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રભાષાને રાષ્ટ્રીયતાની સાથે પણ જોડી, તેમણે કહ્યું હતું કે આ દેશની ચેતનાને જો સમજવી હોય તો અમારી ભાષાઓ વગર તમે એને સમજી નહીં શકો**







**આપણે આપણી નવી પેઢીને સમજાવવી પડશે કે ભાષા કદી બાધક ન હોઈ શકે, આપણે ગૌરવની સાથે આપણી ભાષાનો ઉપયોગ કરીએ, ખચકાઈએ નહીં જ્ઞાનની અભિવ્યક્તિનું માતૃભાષાથી વધારે સારું માધ્યમ બીજુંકોઈ હોઈ જ ન શકે**

## સ્વદેશી, સ્વભાષા અને સ્વરાજ, આઝાદીની લડાઈનાં ત્રણ મૂળ સ્તંભ હતાં

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત હિંદી દિવસ-૨૦૨૧ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થયા હતા. આ પ્રસંગે શ્રી અમિત શાહે વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજભાષા હિંદીમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર મંત્રાલયો, વિભાગો અને સંસ્થાનો ઈત્યાદિની રાજભાષા કીર્તિ અને રાજભાષા ગૌરવ પુરસ્કાર પણ એનાયત કર્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ રાજભાષા ભારતી પુસ્તિકાના ૧૬૦મા અંકનું વિમોચન પણ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી

**દેશના દરેક પ્રદેશના ઈતિહાસનો અનુવાદ રાજભાષા અને સ્થાનિક ભાષામાં થવો જોઈએ**

નિત્યાનંદ રાય, શ્રી અજય કુમાર મિશ્રા અને શ્રી નિશિથ પ્રામાણિક, કેન્દ્રીય ગૃહ સચિવ, રાજભાષા વિભાગના સચિવ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહિત ઘણાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ કહ્યું કે આપણે જ્યારે બંધારણને સ્વીકાર્યું, એની સાથે જ ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ એક નિર્ણયને પણ સ્વીકાર્યો હતો કે આ દેશની રાજભાષા હિંદી હશે અને લિપિ દેવનાગરી હશે. શ્રી અમિત શાહે કહ્યું કે આ જે પુરસ્કારો હોય છે એ ઘણાં લોકોને પ્રેરણા આપે છે અને રાજભાષાને ઉત્તેજન આપવા માટે આગળ વધવાનો જુસ્સો આપે છે. તેમણે બિન-હિંદી પુરસ્કાર વિજેતાઓને ખાસ અભિનંદન આપતા કહ્યું કે આપ જે પ્રદેશથી આવો છો, એ પ્રદેશની ભાષાની સાથે રાજભાષાને પણ એ પ્રદેશમાં પહોંચાડવા માટે આપે બહુ સરસ કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે હિંદીને કોઈ સ્થાનિક ભાષા સાથે કોઈ મતભેદ નથી અને હિંદી ભારતની તમામ ભાષાઓની સખી છે અને તે સહઅસ્તિત્વથી જ આગળ વધી શકે છે. શ્રી અમિત શાહે કહ્યું કે ૧૪ સપ્ટેમ્બર આપણા માટે એક મૂલ્યાંકનનો દિવસ હોય છે કે આપણે આપણા દેશની ભાષાઓ અને રાજભાષા માટે શું કર્યું અને એને આગળ વધારવા માટે શું કર્યું છે, એના

**દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ નવી શિક્ષણ નીતિમાં સ્થાનિક ભાષા અને રાજભાષાને મહત્વ આપ્યું છે**

સંરક્ષણ અને સંવર્ધન માટે શું કર્યું છે, ખાસ કરીને નવી પેઢીના દિલમાં, એની બોલચાલમાં, પોતાની સ્થાનિક ભાષાઓને ગૌરવ અપાવવા માટે શું કર્યું છે. તેમણે કહ્યું કે આજે જ્યારે આપણે પાછું ફરીને જોઈએ છીએ ત્યારે દેશમાં એક સમય એવો આવ્યો હતો જ્યારે આપણને એવું લાગતું હતું કે કદાચ ભાષાની લડાઈ દેશ હારી જશે. શ્રી શાહે કહ્યું કે આપણે એ લડાઈ કદી હારીશું નહીં, યુગો સુધી ભારત પોતાની ભાષાઓને સંભાળીને, સાચવીને રાખશે અને આપણે એને લચીલી અને લોકોપયોગી પણ બનાવીશું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ કહ્યું કે આઝાદીનાં ૭૫ વર્ષો નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. પ્રધાનમંત્રીજીએ લાલ કિલ્લાની દિવાલ પરથી આઝાદીના અમૃત મહોત્સવનાં લક્ષ્યોમાં એક લક્ષ્ય આત્મનિર્ભર ભારતનું પણ રાખ્યું છે. તેમણે કહ્યું કે આત્મનિર્ભર શબ્દ માત્ર ઉત્પાદન, વાણિજ્ય સંસ્થાઓ માટે જ નથી પણ આત્મનિર્ભર શબ્દ ભાષાઓ વિશે પણ હોય છે અને ત્યારે જ આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થશે. તેમણે કહ્યું કે જો ભાષાઓ વિશે આપણે આત્મનિર્ભર ન બનીએ તો આત્મનિર્ભર ભારતનો કોઈ જ અર્થ નથી. શ્રી અમિત શાહે કહ્યું

**હિંદીને કોઈ સ્થાનિક ભાષા સાથે કોઈ મતભેદ નથી, હિંદી ભારતની તમામ ભાષાઓની સહેલી છે અને એ સહઅસ્તિત્વથી જ આગળ વધી શકે છે**

**દેશના પ્રધાનમંત્રી દુનિયાના ઊંચામાં ઊંચા આંતરરાષ્ટ્રીય મંચ પર પણ હિંદીમાં બોલે છે, પોતાની ભાષામાં બોલે છે, તો આપણને કઈ વાતનો સંકોચ છે**



**કોઈ પણ બહારની ભાષા આપણને ભારતની મહાન સંસ્કૃતિ અને ગૌરવથી પરિચિત ન કરાવી શકે, દેશના વૈચારિક પિંડસાથે જોડી નહીં શકે, માત્ર માતૃભાષા જ એક બાળકને એનાં સ્થાનીય મૂળ સાથે જોડીને રાખી શકે છે**

કે આઝાદીની લડાઈમાં સ્વદેશી, સ્વભાષા અને સ્વરાજ, આ ત્રણ શબ્દોએ બહુ મોટું યોગદાન આપ્યું છે અને તે આઝાદીની લડાઈનાં ત્રણ મૂળ સ્તંભ હતાં. પ્રધાનમંત્રીજીએ સ્વદેશીને આગળ વધારવા માટે આત્મનિર્ભર ભારતનું એક બહુ મોટું અભિયાન આદર્યું છે. સ્વભાષાને મજબૂત કરવાનું કામ આપણે સૌએ મળીને, ખાસ કરીને દેશની નવી પેઢીએ કર્યું છે. તેમણે કહ્યું કે હવે કોઈ સંકોચ રાખવાની જરૂર નથી, દેશના પ્રધાનમંત્રી દુનિયાનાં ઊંચામાં ઊંચા આંતરરાષ્ટ્રીય મંચ પર પણ હિંદીમાં બોલે છે, પોતાની ભાષામાં બોલે છે, તો આપણને કઈ વાતનો સંકોચ છે. શ્રી શાહે કહ્યું કે હવે એ જમાનો ગયો જ્યારે હિંદી બોલતા હતા તો થતું હતું કે સામેની વ્યક્તિ કઈ રીતે મારું મૂલ્યાંકન કરશે. આપનું મૂલ્યાંકન આપના કામોના આધારે જ થશે, આપની ક્ષમતાઓના આધારે જ થશે, ભાષાને આધારે નહીં થાય. શ્રી અમિત શાહે કહ્યું કે કોઈ પણ વ્યક્તિ પોતાની ભાષા કરતા વધારે સારી અભિવ્યક્તિ કોઈ અન્ય ભાષામાં ન કરી શકે અને એ વાત આપણે નવી પેઢીને સમજાવવી પડશે કે ભાષા કદી બાધક ન હોઈ શકે, આપણે ગૌરવની સાથે પોતાની ભાષાનો ઉપયોગ કરીએ, ખચકાઈએ નહીં. તેમણે કહ્યું કે હવે એ સમય આવી ગયો છે કે દેશના યુવા એ વાતને મનમાં ઠસાવી લે કે આપણે આપણી ભાષાઓને છોડીશું નહીં. તેમણે બાળકોના વાલીઓને પણ કહ્યું કે ભલે તમારું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણતું હોય, પણ ઘરમાં તમે એની સાથે પોતાની ભાષામાં વાત કરવાની શરૂઆત કરો, નહીંતર એ પોતાનાં મૂળથી કપાઈ જશે. કોઈ બહારની ભાષા આપણને આ દેશના ગૌરવપૂર્ણ ઈતિહાસથી પરિચિત ન કરાવી શકે. તેમણે કહ્યું કે જે દિવસે આપ આપનાં બાળકને માતૃભાષાનાં જ્ઞાનથી વંચિત કરી દેશો, તો એ પોતાનાં મૂળથી કપાઈ જશે અને જે લોકો પોતાનાં મૂળથી કપાય જાય છે એ લોકો ઉપર આવી શક્યા નથી, ઉપર એ જ જઈ શકે જે વૃક્ષનાં મૂળિયાં ઊંડાં, મજબૂત અને ફેલાયેલાં હોય. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ કહ્યું કે જ્યારે મહાત્મા ગાંધીના નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે એ સમયે ઘણા નેતાઓએ સ્વભાષાના ઉપયોગ પર બહુ ભાર મૂક્યો હતો. પછી તે મહાત્મા ગાંધી હોય, રાજેન્દ્ર પ્રસાદ હોય, પંડિત નહેરુ હોય,

**આઝાદીનાં ૭૫ વર્ષો નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે**

સરદાર વલ્લભભાઈ પટેલ હોય, કે એમ મુનશી હોય, અને વિનોબા ભાવેએ તો સમગ્ર જીવન ભારતીય ભાષાઓને મજબૂત કરવામાં લગાવી દીધું. મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રભાષાને રાષ્ટ્રીયતા સાથે પણ જોડી હતી, તેમણે કહ્યું હતું કે આ દેશની ચેતનાને જો સમજવી હોય તો આપણી ભાષાઓ વિના તમે એને સમજી ન શકો. શ્રી અમિત શાહે કહ્યું કે ગાંધીજીનું એ વાક્ય આજે પણ એટલું જ પ્રાસંગિક છે જેટલું એ ૧૯૨૦થી લઈને ૧૯૪૭ સુધી હતું. તેમણે એ માટે પોતે અખબાર કાઢ્યા, ગુજરાત સાહિત્ય પરિષદની ચૂંટણી પણ ગાંધીજી લડ્યા અને સાહિત્ય પરિષદના અધ્યક્ષ રહ્યા અને તેમણે ગુજરાતી શબ્દકોષની રચના પણ કરી. આટલાં મોટાં આંદોલનમાં વ્યસ્ત રહેનાર વ્યક્તિ, સ્વતંત્રતા સંગ્રામનું નેતૃત્વ કરનારી વ્યક્તિ, મારી સ્વભાષા મજબૂત હોય એ માટે કેટલો સમય એમણે આપ્યો હતો એનાથી આપણે સમજવું જોઈએ કે રાજભાષા હિંદીને મજબૂત કરવાનું કેટલું મહત્વ છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે રાજભાષા વિભાગ, ગૃહ મંત્રાલયનું એક મહત્વપૂર્ણ અંગ છે અને અમે નક્કી કર્યું છે કે આ વર્ષે ખાસ કરીને રાજભાષાને ઉત્તેજન, સંરક્ષિત અને સંવર્ધિત અને પ્રચાર-પ્રસાર માટે વિશેષ પ્રયાસ કરવામાં આવશે. જેટલા પણ કાર્યક્રમો થશે એમાં આઝાદીના આંદોલનમાં રાજભાષા અને સ્થાનિક ભાષાઓનાં યોગદાનના વિષય પર કાર્યક્રમ કરવામાં આવશે. જ્યાં સુધી આપણી નવી પેઢી આ બાબત નહીં જાણે, એને ખબર નહીં હોય કે આઝાદીની સફળતાનાં ઘણાં બધાં કારણો હતાં અને એમાંનું એક સ્થાનીય ભાષા અને રાજભાષાને મહત્વ આપવાનું હતું. શ્રી અમિત શાહે કહ્યું કે આપણો દેશ બહુ વિવિધતાઓથી ભરેલો છે, ઘણાં બધાં પ્રદેશો અને કેન્દ્ર શાસિત પ્રદેશો છે અને સૌનો પોતપોતાનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે અને આ બધું અલગ અલગ સ્થાનીય ભાષાઓમાં છે. તેમણે કહ્યું કે દેશના દરેક પ્રદેશનો ઈતિહાસ જે સ્થાનીય ભાષામાં છે એનો અનુવાદ અને ભાવાનુવાદ બેઉ રાજભાષામાં થવો જોઈએ જેથી એક રાજ્ય નહીં પણ સમગ્ર દેશ એ ઈતિહાસને વાંચી શકે. તેમણે કહ્યું કે જે સંગ્રામ મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજના નેતૃત્વમાં સ્વરાજ માટે થયો, જે સંગ્રામ ગુજરાતમાં થયો, એના વિશે

**૧૪ સપ્ટેમ્બરનો દિવસ આંતરિક મૂલ્યાંકન કરવાનો દિવસ છે કે આપણી ભાષાઓ અને રાજભાષાને આગળ વધારવા અને એના સંવર્ધન માટે શું કર્યું છે**

જાણવાનો હક દેશનાં દરેક બાળકને છે અને એ ત્યારે જ જાણી શકશે જ્યારે તેનો રાજભાષામાં અનુવાદ થશે. તેમણે કહ્યું કે આ માટે ગુરુ રવિન્દ્રનાથ ટાગોરે પણ કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ એક વિકસેલાં સો પાંખડીઓવાળાં કમલ જેવી છે જેની દરેક પાંખડી આપણી પ્રાદેશિક ભાષા જેમ છે અને કમલ આપણી રાજભાષા છે. તેમણે કેટલી સરસ રીતે આપણી વિવિધતાને એક અલંકૃત ભાષામાં સામે મૂકવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે આઝાદીનાં સમગ્ર આંદોલન સુધી ૧૮૫૭થી ૧૯૪૭ સુધી ભારતીય ભાષાઓ, રાજભાષામાં થયેલ પત્રકારત્વનું બહુ મોટું યોગદાન છે, અમે એનું પણ સંકલન કરવાના છીએ. દેશભરમાં ૧૦૦ વર્ષો સુધી જે ઘણાં બધાં સંગ્રામો થયાં એ તમામનો ઈતિહાસ સ્થાનિક ભાષાઓમાં છે, અમે એનો પણ અનુવાદ કરવાના છીએ. શ્રી અમિત શાહે કહ્યું કે જે લોકો અલગ રીતે આ પ્રકારનો પ્રચાર કરે છે કે આપણી સ્વભાષા અને રાજભાષા આપણાં વ્યક્તિત્વને આગળ વધારવામાં બાધક બની શકે છે. તેમણે કહ્યું કે જ્ઞાનની અભિવ્યક્તિનું માતૃભાષાથી વધારે સારું માધ્યમ બીજું કોઈ હોઈ જ ન શકે અને જ્યારે આપની પાસે જ્ઞાન છે અને અભિવ્યક્તિ જે ભાષામાં આપ વિચારો છે એ ભાષામાં કરો છો ત્યારે એનાથી સારું સમજાવવાનું કોઈ માધ્યમ હોઈ જ ન શકે. તેમણે કહ્યું કે જ્યારે અભિવ્યક્તિ પોતાની ભાષામાં હોય ત્યારે સરળ અને સ્વાભાવિક બની જાય છે. તેમણે કહ્યું હતું કે ઘણાં લાંબા સમય બાદ દેશના પ્રધાનમંત્રી નવી શિક્ષણ નીતિ લાવ્યા છે અને તેમણે નવી શિક્ષણ નીતિમાં સ્થાનિક ભાષા અને રાજભાષાને સ્થાન આપવા માટે વિશેષ કાર્ય કર્યું છે, ગ્રેડ પાંચ સુધીનું શિક્ષણ ઘરની ભાષા, માતૃભાષામાં થાય એનો આગ્રહ રાખ્યો છે. ભારતીય ભાષાઓને વાંચવા અને શીખવા માટે દરેક શાળા અને ઉચ્ચ શિક્ષણ સ્તરે એકીકૃત કરવાની વાત કહેવામાં આવી છે. ટેકનિકલ અભ્યાસક્રમો જેમ કે ઈજનેરી કોલેજો છે એમાં પાંચ ભાષાઓમાં આઠ રાજ્યોની ચૌદ કોલેજો ભણાવવાનું શરૂ કરશે જેમાં હિંદી, તેલુગુ, તમિલ, મરાઠી, અને બાંગ્લામાં શિક્ષણ આપવાની શરૂઆત કરશે. ભારતીય ભાષાઓનાં સંરક્ષણ અને વિકાસ

**પ્રધાનમંત્રીજીએ લાલ કિલ્લા પરથી આઝાદીના અમૃત મહોત્સવનાં લક્ષ્યોમાંથી એક લક્ષ્ય આત્મનિર્ભર ભારતનું પણ રાખ્યું છે**

**યુગો સુધી ભારત પોતાની ભાષાઓને સંભાળીને, સાચવીને રાખશે અને આપણે એને લચીલી અને લોકોપયોગી પણ બનાવીએ**



**દેશના પ્રધાનમંત્રીજીએ કોઈ પણ મંચ પર હિંદીમાં વકતવ્ય આપવાનો એક રિવાજબનાવી દીધો છે, એનાથી રાજભાષાને સ્થાપિત કરવામાં એક બહુ મોટું યોગદાન મળ્યું છે**

માટે ભારતીય અનુવાદ અને વ્યાખ્યાન સંસ્થાનની સ્થાપના કરવાની યોજના પણ નવી શિક્ષણ નીતિમાં રાખવામાં આવી છે જે આપણી ભાષાઓને એક લાંબા સમય સુધી બળ આપશે. ઈ અભ્યાસક્રમ આપણી પ્રાદેશિક ભાષાઓમાં પણ તૈયાર કરાઈ રહ્યા છે જેથી ઓનલાઈન ભણતાં બાળકો પણ સ્વભાષા, રાજભાષામાં ભણી શકે. ઘણી બધી બાબતોને નવી શિક્ષણ નીતિમાં સામેલ કરીને પ્રધાનમંત્રીજીએ આપણા આંદોલનને ગતિ આપવાનો બહુ મોટો પ્રયોગ કર્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ કહ્યું કે એક જમાનો હતો જ્યારે ભારતના નેતા વિદેશમાં જતા હતા, ત્યાં જે બોલતા હતા એ કદાચ જ દેશ સમજી શકતો હતો. આ સૌથી પહેલા અટલજીએ શરૂઆત કરી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ એને એક રિવાજ બનાવી દીધો છે કે જ્યાં પણ જઈશું, કોઈ પણ આંતરરાષ્ટ્રીય મંચ પર જઈશું, પોતાનું વક્તવ્ય ભારતીય ભાષા, રાજભાષામાં જ આપીશું અને એનાથી રાજભાષાને સ્થાપિત કરવામાં બહુ મોટું યોગદાન મળ્યું છે. ઘણાં લોકોનાં મનમાં જે સંકોચ, લઘુતાગ્રંથિ હતી એનું નિવારણ થયું છે. તેમણે કહ્યું જે જ્યારે પણ પરિવર્તન થાય છે ત્યારે માનસ પરિવર્તન પણ થાય છે, જનમાનસનું પરિવર્તન કરવાની અમારી ફરજ અને જવાબદારી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે ભારતે કોરોના સામેની લડાઈ બહુ સારી રીતે લડી છે. ભારત ઓછામાં ઓછી હાનિ સાથે આ મહામારીમાંથી બહાર નીકળ્યું અને આમ એટલા માટે થયું કારણ કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અલગ મુખ્ય મંત્રીઓની સાથે, રાજ્યપાલોની સાથે, વેપારી મંડળોની સાથે, ડૉક્ટરો સાથે અને દેશની જનતાને સંબોધિત કરવાના ઉપથી વધુ પ્રયાસ કર્યા અને એ તમામે તમામ પ્રયાસ રાજભાષામાં કર્યા. એનાથી જનતાની વચ્ચે સરકારની વાત પહોંચાડવામાં મદદ મળી અને દેશભરમાં કોરોના સામે મજબૂતાઈથી લડવામાં મદદ મળી. આ અવસરે ગૃહ રાજ્ય મંત્રી શ્રી અજયકુમાર મિશ્રાએ પોતાના સંબોધનમાં કહ્યું કે આપણો દેશ બહુ પ્રાચીન દેશ છે જેની સંસ્કૃતિ અને જ્ઞાનની પરંપરા રહી છે. દેશનાં અલગ ક્ષેત્રોમાં અલગ ભાષાઓ વિકસિત થઈ પણ હિંદી સૌથી વધુ બોલાતી અને સમજાતી ભાષા છે. તેમણે કહ્યું કે પ્રાદેશિક ભાષાઓ બહુ મહત્વપૂર્ણ છે અને એમાં ઘણી સમૃદ્ધ રચનાઓ પણ થઈ છે એટલે ક્ષેત્રીય ભાષાઓનું પણ રાષ્ટ્ર નિર્માણમાં બહુ મોટું યોગદાન રહ્યું છે,

આપણે હિંદીની સાથે ક્ષેત્રીય ભાષાઓને પણ પૂરું સન્માન આપવું જોઈએ. શ્રી અજય કુમાર મિશ્રાએ કહ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી તથા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહજીએ હિંદીમાં કામકાજને ઉત્સાહવર્ધક રીતે આગળ વધારવાનો પ્રયાસ કર્યો છે અને એમની પ્રેરણાથી ચોક્કસ જ કાર્યાલયોનાં કામકાજમાં તો હિંદી ભાષાનો ઉપયોગ વધ્યો જ છે પણ સંસદમાં પણ અગાઉની સરખામણીએ વધારે સાંસદગણ હિંદીમાં ભાષણ આપે છે. આ બધું પ્રધાનમંત્રીજી અને ગૃહમંત્રીજીની પ્રેરણાને કારણ શક્ય બન્યું છે.

# નીતિ આયોગ 'ભારતમાં શહેરી આયોજન ક્ષમતામાં સુધારા' પર રિપોર્ટ લોન્ચ કરશે

NITI Aayog

નીતિ આયોગ આવતીકાલે, ૧૬ સપ્ટેમ્બરે 'ભારતમાં શહેરી આયોજન ક્ષમતામાં સુધારા' પર રિપોર્ટ લોન્ચ કરશે. નીતિ આયોગના સીઈઓ શ્રી અમિતાભ કાંત અને વિશેષ સચિવ ડૉ. કે રાજેશ્વરા રાવ અને સંબંધિત મંત્રાલયોના સચિવોની હાજરીમાં નીતિ આયોગના વાઈસ ચેરમેન ડૉ.રાજીવ કુમાર અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા રિપોર્ટ જાહેર કરવામાં આવશે. નીતિ આયોગે ઓક્ટોબર ૨૦૨૦ માં 'ભારતના શહેરી આયોજન શિક્ષણમાં સુધારાઓ' પર એક સલાહકાર સમિતિની રચના કરી હતી. સમિતિએ આ અહેવાલ સાથે તેના આદેશનું સમાપન કર્યું છે. અહેવાલમાં શહેરી આયોજનના વિવિધ પાસાઓ પર ભલામણોનો સમૂહ સામેલ છે, જેમ કે તંદુરસ્ત શહેરોના આયોજન માટે હસ્તક્ષેપ, શહેરી જમીનનો મહત્તમ ઉપયોગ, માનવ સંસાધન ક્ષમતામાં વધારો, શહેરી શાસનને મજબૂત બનાવવું, સ્થાનિક નેતૃત્વનું નિર્માણ, ખાનગી ક્ષેત્રની ભૂમિકા વધારવી, અને શહેરી આયોજન શિક્ષણ પ્રણાલીને આગળ વધારવી.

•Printer/Publisher/Owner & Editor : Anil D. Makwana •Printed At :-Shree ganesh offset, A-6, Shubh-Labh Asstet, Near Mayur Shop Factory, Tavdipura, Ahmedabad •Published - AT.:Testil Gate, Opp Station Road,At-Dehgam, Dist-Gandhinagar.